# બાયડ પંથકમાં ધોધમાર વરસાદથી પાકને નુકસાન

## હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં ૧૫ દિવસમાં બીજી વખત કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી

બાયડ,તા.૮

ગુજરાતમાં ખેડૂતોની મહેનત પર ફરી એકવાર માર પડવાનો છે. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં ફરી કમોસમી વરસાદ પડવાનો છે. ત્યારે ગુજરાતના ખેડૂતો માટે આ માઠા સમાચાર છે. આગાહી મુજબ, ગુજરાતના વાતાવરણમાં ફરીથી પલટો આવશે, અને કમોસમી વરસાદ પડશે. ત્યારે આજે અરવલ્લીના બાયડમાં અનેક ગામડાઓમાં સવારથી ધોધમાર વરસાદ વરસ્યો છે. ગુજરાતમાં ૧૫ દિવસમાં બીજીવાર કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. હજી થોડા દિવસ પહેલા જ ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો હતો. ત્યારે ફરીથી દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી



હવામાન ખાતા મુજબ કરવામાં આવી છે. આગાહી મુજબ, ગુજરાતમા ૮ થી ૧૦ જાન્યુઆરીના રોજ કમોસમી વરસાદ પડી શકે છે. જેમાં આ ત્રણ દિવસની આગાહી મુજબ, ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. ૮ જાન્યુઆરીએ ડાંગ, તાપી, નર્મદા, દાહોદમાં સામાન્ય વરસાદ આવી શકે છે. ૯ જાન્યુઆરીના છોટા ઉદેપુર, નવસારી,ભરૂચ ,દાહોદ વરસાદની આગાહી કરી છે જ્યારે ૧૦ જાન્યુઆરીના દાહોદ ડાંગ,ભરૂચ નર્મદા તાપી વરસાદની આગાહી કરાઈ છે. અરવલ્લીના બાયડ તાલુકાના ગામડાઓમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. બાયડના વાસણીરેલ સહિત અન્ય ગામોમાં ધોધમાર વરસાદ સવારથી પડી રહ્યો છે. ત્યારે એકાએક આ કમોસમી વરસાદ થતાં ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા છે. કમોસમી વરસાદ પડતા ખેડૂતોનો પાક બગડવાની ભીતિ સેવાઈ રહી છે. તો ધનસુરા, બાયડ પંથકમાં વહેલી સવારથી માવઠુ પડ્યું છે. માવઠાથી રવિ પાકને ભારે નુકસાન થઈ શકે છે.

# ગરીબોનું અનાજ ઓહિયા કરે તે પહેલા વેપારી જેલ ભેગો

## બાયડની હાટકેશ્વર ટ્રેડીંગમાંથી બિનહિસાબી અનાજનો જથ્થો મળતા માલિકને સુરત લાજપોરની જેલમાં ધકેલાયો

બાયડ, તા. ૮

બાયડ નગરમાં આવેલ શ્રી હાટકેશ્વર ટ્રેડીંગ કું. નામની દુકાનમાં તંત્ર દ્વારા ફરીયાદ અને બાતમીના આધારે ગત ૭મી ડીસેમ્બરના રોજ છાપો મારવામાં આવ્યો હતો જેમાં બિનહિસાબી અને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનો ગેરકાયદેસર જથ્થો મળી આવ્યો હતો. આ પેઢીનો રૂ.૫.૭૭ લાખનો જથ્થો સીઝ કરી વેપારી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. અરવલ્લી એલસીબી પોલીસે દુકાન માલિક ધર્મેન્દ્રકુમાર રાવજીભાઈ બારોટની ધરપકડ કરી સુરતની લાજપોર જેલમાં ધકેલી દીધો હતો.



આ કાળા બજારીયા અને ગરીબોનું અનાજ વેચાણ અર્થે સ્ટોરેજ કરનાર વેપારીની પીબીએમ ધારા હેઠળ અટક કરવા અને સુરત ખાતેની લાજપોર જેલમાં મોકલી આપવા આદેશ કરાયો હતો.આ આદેશને પગલે જિલ્લા એલસીબી પોલીસે આ વેપારીને ઝડપી પાડી બાયડ પોલીસને હવાલે કરી દેતાં જ જિલ્લાના સંગ્રહખારો અને કાળા બજારીયાઓમાં ફફડાટ વ્યાપ્યો હતો.

બાયડ નગરમાં આવેલ શ્રી હાટકેશ્વર ટ્રેડીંગ કું. નામની દુકાનમાં તંત્ર દ્વારા ફરીયાદ અને બાતમીના આધારે ગત ૭મી ડીસેમ્બરના રોજ છાપો મારવામાં આવ્યો હતો. આ રેડમાં આ ટ્રેડીંગ કંપનીના ગોડાઉનમાં તપાસ કરતાં ૩૧૧૧૯ કીલો ઘઉ, ૧૫૩૭ કીલો ચોખા, ૧૧૮ કીલો ચણા અને અન્ય અનાજ ૨૬૫૫ કીલો મળી કુલ ૩૫૪૨૯ કીલોગ્રામ આવશ્યક ચીજવસ્તુનો બિનહિસાબી જથ્થો ઝડપી પડાયો હતો. સઘન તપાસણી દરમ્યાન ૧૫૩૭ કીલો ગ્રામ ચોખા, ૫૦ કીલોના બારદાનમાં એફસીઆઈની ટેગ સાથેના સીલબંધ ૩૦ કટ્ટા તથા ૩૭ કીલો છુટા ઝડપાયા હતા. અને કુલ રૂ.૫,૭૭,૫૨૦ નો ગેરકાયદેસર જથ્થો સીઝ કરી આ શ્રી હાટકેશ્વર ટ્રેડીંગ કું.ના માલીક ધર્મેન્દ્રકુમાર રાવજીભાઈ બારોટ રહે. નારાયણનગર સોસાયટીનાઓ વિરૂધ્ધ ગુજરાત આવશ્યક ચીજવસ્તુ, જાહેર વિતરણ વ્યવસ્થા નિયંત્રણ હુકમ અને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો હતો. આ ચકચારી કેસની ગંભીરતા ધ્યાને લઈ આ કાળા બજારીયા ને સબક શીખવાડવા અને અન્ય સંગ્રહખોરો અને કાળા બજારીયાઓમાં નિયંત્રણ માટે આ વેપારી વિરૂધ્ધ પ્રીવેન્શન ઓફ બ્લેક માર્કેટીંગ એન્ડ મેઈટેનન્સ (પીબીએમ) ધારા હેઠળ અટક કરવા જિલ્લા કલેકટરે આદેશ કર્યા હતા. આ આદેશને પગલે આરોપી વેપારીને સુરતની લાજપોર ખાતેની જેલમાં મોકલી આપવા જિલ્લા એલસીબી પોલીસે આરોપી ધર્મેન્દ્રકુમાર રાવજીભાઈ બારોટને ઝડપી લઈ બાયડ પોલીસને હવાલે કર્યો હતો. તંત્રની આ કાર્યવાહીને પગલે કાળા બજારીયા, સંગ્રહખારોમાં ફફડાટ ફેલાયો હતો.

# ડીસા હદ વિસ્તારમાં ગેરકાયદેસર ચાલતા કતલખાના બંધ કરવાની માંગ

## ડીસા રાજપુર પાંજરાપોળ દ્વારા નગરપાલિકા અને નાયબ કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત

ડીસા, તા. ૮

ડીસામાં ૨૭ વર્ષથી રાજપુર પાંજરાપોળ કાર્યરત છે અને જીવો બચાવતી આ સંસ્થાએ ૧ લાખથી વધુ પશુઓને બચાવી નવજીવન આપ્યું છે, જોકે ડીસા શહેરમાં ખુલ્લેઆમ માસ, મટન તેમજ ગેરકાયદેસર ચાલતા કતલખાના બાબતે એક જાગૃત અરજદાર દ્વારા માહિતી અધિકારની જોગવાઈ અનુસાર વિગતો માંગવામાં આવેલ આ માહિતી અનુસધાને ડીસા નગરપાલિકા હદ વિસ્તારમાં કતલખાના, જીવતા પશુઓની ખરીદ વેચાણ, નોનવેજ, મટન, ચિકન, માસ ઈંડાની તેમજ માંસાહારી ખોરાક કાચો વેચવાની નગરપાલિકા દ્વારા કોઈ જ પ્રકારની પરવાનગી આપવામાં આવી નથી, જેથી ડીસા ઉપરોક્ત ચાલતી તમામ પ્રવૃતિઓ ગેરકાયદેસર અને નિયમવિરુદ્ધની હોવાનું ફલિત થાય છે જોકે આ પ્રવુતિને લઈ સનાતન હિંદુધર્મીઓ, ઉપરાંત જૈન સમાજ અને શાકાહારી જનતાના માનસ ઉપર દુષ્પ્રભાવ થઈ તમામની લાગણી દુભાય છે. આ સંજોગોમાં ડીસા શહેર ઉપર લાગેલા આ કલંકને ભૂસવા માટે રાજપુર પાંજરાપોળના પ્રમુખ સ્વ. ભરતભાઈ કોઠારીએ વારંવાર ડીસા નગરપાલિકા નાયબ કલેકટર કચેરીને ઉચ્ચસ્તરે પણ અનેક વાર રજુઆત કરેલી છે, જોકે સ્વ. ભરતભાઈ કોઠારીની રજુઆત અનુસનધાને નિવાસી અધિક કલેકટર બનાસકાંઠા પાલનપુર દ્વારા તા ૧૪/૧૨/૨૦ના રોજ પત્ર બી/ન પા/ વસી-૩૧૦૫ થી ૦૯ પત્ર લખી ડીસા નગરપાલિકા હદ વિસ્તારમાં જાહેરમાર્ગો ઉપર ચાલતા કતલખાના, માંસ, મટનની લારીઓ દુકાનો હોટલો તેમજ પશુ મંડી બંધ કરાવવા બાબતની રજુઆત સાથે ડીસા રાજપુર પાંજરાપોળના સંચાલકો સાથે અન્ય જીવદયા પ્રેમીઓએ શુક્રવારે ડીસા નગરપાલિકા અને નાયબ કલેકટર કચેરીએ જઈ આવેદનપત્ર આપી રજુઆત કરી આ તમામ પ્રવુતિ તાત્કાલિક અસરથી હંધ કરવાની માંગ કરી હતી.







## ધનસુરા ખાતે રસીકરણને લઈને ડ્રાય રન યોજાઈ

સરકારની ગાઈડલાઈન અને સૂચનાને લઈને અરવલ્લી જિલ્લામાં નિયત કરેલ કેન્દ્રો પૈકી ધનસુરા પ્રાથમિક શાળા નંબર-૧ ખાતે ડ્રાય રનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વેઈટીંગ રુમ રસીકરણ રુમ અને ઓબ્ઝર્વેશન રુમમાં મોકડ્રીલ રુપે ડેમો યોજાયો. સમગ્ર ડ્રાયરનનું આરસીએચઓએ નિરીક્ષણ કર્યું હતું. આ સમયે ઓનલાઈન વેરીફીકેશન અને પોર્ટલ અપડેશનનો ડેમો પણ થયો. ઉપરાંત રસીકરણની જો કોઈ આડઅસર ઉદભવે તો તેને પહોંચી વળવા ની મોકડ્રીલ યોજાઈ, સમગ્ર ડ્રાય રન દરમિયાન ધનસુરા આરોગ્ય કેન્દ્રનો તમામ સ્ટાફ, મેડીકલ ઓફિસર અને મહેશભાઈ પ્રજાપતિ ધનસુરા તાલુકા આરોગ્ય કચેરીના તમામ સ્ટાફે સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને તાલુકા આરોગ્ય અધિકારી માર્ગદર્શન આપ્યું હતું.

## પ્રાંતિજ તથા પોગલુ ખાતે કોરોના વેકિસનની ડ્રાયરન યોજાયું

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ સિવિલ અને પોગલુ પ્રાથમિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વેકિસનનું ડ્રાય રનનું રીહર્સલ યોજાયું હતુ.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આવનારા સમયમાં કોરોના વેક્સિન મૂકવામાં આવનાર છે. ખૂબ મોટી સંખ્યામાં રાજ્યના તમામ નાગરિકોને કોરોના વેક્સિન મૂકવાનું આયોજન કરવામાં આવ્યું છે જેને લઈને આજે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સિવિલ તથા પોગલુ પ્રાથમિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વેક્સિન મુકવા દરમિયાન પડતી મુશ્કેલીઓને સમજી શકાય તેવા હેતુથી જીલ્લા તથા તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા પ્રાંતિજ સિવિલ તથા પ્રાંતિજ ના પોગલુ ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડ્રાય રન મોબાઈલ યોજવામાં આવ્યું હતું. ડ્રાઈ રન આવનારા દિવસોમાં કાર્યક્રમમાં પડતી મુશ્કેલીઓ સમજી શકાય અને વેક્સિનેશન દરમ્યાન ડ્રાય રનમાં પડેલી મુશ્કેલીઓ,અગવડતાને નિવારી શકાય તેવા હેતુથી પ્રાંતિજ સિવિલ તથા પોગલુ ખાતે ડ્રાઈ રનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડ્રાઈ રનમાં ૨૫ જેટલા કોરોના વ્યક્તિના લાભાર્થીઓને કોરોના વેકસીન મુકવાની તબક્કાવાર કામગીરી કરવામાં આવી હતી તો આવનારા દિવસોમાં કોરોના વોરીયર્સ તેમજ ૫૦ વર્ષથી ઉપરની ઉંમરના વયસ્થ લોકો પૈકી દરરોજ ૧૦૦ વ્યક્તિઓને વેકસીન રસી આપવામાં આવશે.

# વડગામમાં યુવકનો મૃતદેહ મળતા ચકચાર

## મામલતદાર કચેરી પાછળ આવેલા શમસેરસાગર તળાવમાંથી યુવક મૃત હાલતમાં મળતાં શંકા કુશંકાઓ

વડગામ, તા. ૮

વડગામ તાલુકા મથકે આવેલ મામલતદાર કચેરી પાછળ આવેલા શમસેરસાગર તળાવમાં એક યુવકનો મૃતદેહ મળી આવતા તાલુકાભરમાં ચકચાર મચી ગઈ છે.

વડગામ પોલીસ સ્ટેશનની સામે અને મામલતદાર કચેરી પાછળ આવેલા શમસેરસાગર તળાવના ભાગે ઘણા સમયથી દારૂનો અડ્ડો ધમધમી રહ્યો છે. આ દારૂના અડ્ડા ઉપર સવાર-સાંજ દારૂડીયા તત્વો દારૂ પીવા માટે અવર જવર કરતા રહ્યા હોવાની ચર્ચાઓ વડગામના લોકોમાંથી સાંભળવા મળી રહી છે. વડગામા રહેતા અને બાઈકની ગેરેજનો ધંધો કરતા અરવિંદભાઈ દેવાભાઈ ચૌહાણ ઉ.વ.૩૫ ગુરૂવારના રાત્રીના સમયે ઘરે ન આવતા આ યુવકના કુટુમ્બીજનો હોફળા ફોફળા બન્યા હતા. શુક્રવારના સવારે ગામમાં કોઈ યુવકનો મૃતદેહ શમસેરસાગરના તળાવ પાસે પડી હોવાની વાત અરવિંદભાઈ ચૌહાણના પરિવારજનોને થતાં તેઓ યુવકના મૃતદેહ પાસે દોડી ગયા હતા અને તપાસ કરતા આ મૃતદેહ અરવિંદનો હોવાનું પ્રથમ નજરે જોવા મળ્યું હતું. આ અંગેની વાત ગામમાં પ્રસરી જતાં લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. યુવકના ભાઈ દ્વારા વડગામ અંગે અનેક તર્કવિતર્કો લોકોમાં થઈ રહ્યા છે. યુવકનુ મોત થયું છે કે પછી હત્યા કરાઈ છે તેવી શંકાઓ લોકોમાં થઈ રહી છે. યુવકના પરીવારજનો દ્વારા પણ યુવકની હત્યા કરાઈ હોવાની શંકાઓ વ્યક્ત કરી હતી. વડગામ પોલીસ દ્વારા મરણજનાર યુવકના ભાઈ



પોલીસને જાણ કરાતા વડગામ પોલીસ તથા છાપી પી.એસ.આઈ. એસ.ડી. ચૌધરી સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવીને લાશનું પંચનામું કરીને લાશને પીએમ માટે વડગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જઈને પીએમ માટેની તજવીજ હાથ ધરી હતી. આ યુવકના મોત દિનેશભાઈ દેવાભાઈ ચૌહાણની ફરીયાદના આધારે અકસ્માત અંગેનો ગુન્હો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે. યુવકના મોત થયું છે કે પછી હત્યા તે તો પી.એમ. રીપોટ બાદ પોલીસ તપાસ બાદ ખબર પડે પરંતુ હાલમાં તો યુવકના મોતને લઈને લોકોમાં અનેક સવાલો થઈ રહ્યા છે.

# મોડાસામાં તસ્કરોની જમાવટ

## સતત ચોરી લૂંટની ઘટનાઓથી લોકોમાં ભય, ભાગ્યોદય માર્બલ દુકાનમાંથી પીકઅપ ડાલાની ચોરી, સીસીટીવીમાં કેદ

મોડાસા, તા. ૮

મોડાસામાં શહેરમાં તસ્કરો બેફામ બન્યા છે. રોજબરોજ ચોરીના કિસ્સો સામે આવી રહ્યા છે ત્યારે મોડાસા-શામળાજી રોડ પર ડીપ વિસ્તારમાં સ્મશાનની પાસે આવેલ ભાગ્યોદય માર્બલ નામની દુકાનના પરિસરમાં પાર્ક કરેલ પીકઅપ ડાલું પરિસરના દરવાજાનું તાળું તોડી વાહનચોર ત્રાટકી પીકઅપ ડાલુ લઈ રફુચક્કર થઈ જતા દુકાનમાલિકના હોશકોશ ઉડી ગયા હતા પીકઅપ ડાલાની ચોરીની ઘટના દુકાનમાં લગાવેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. પીકઅપ ડાલાની ચોરીની ઘટનાની જાણ મોડાસા ટાઉન પોલીસને કરતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી સીસીટીવી કેમેરા રેકોર્ડીંગના ફૂટેજ મેળવી પ્રાથમિક તપાસ હાથધરી વાહનચોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.




ગુરુવારે રાત્રે મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં સ્મશાનની સામે આવેલ ભાગ્યોદય માર્બલની દુકાન અને ગોડાઉન બંધ કરી દુકાનમાલિક અને કર્મચારીઓ ઘરે ગયા હતા શુક્રવારે સવારે દુકાન માલિક દુકાન પર પહોંચતા દુકાનના પરિસરમાં પાર્ક કરેલ પીકઅપ ડાલુ જોવા ન મળતા આજુબાજુમાં તપાસ હાથધરી હતી. દુકાનમાં લગાવેલ સીસીટીવી કેમેરા ચેક કરતા શુક્રવારે વહેલી સવારે ત્રણ અજાણ્યા વાહનચોરો દુકાનના પરિસરના દરવાજાનું તાળું તોડી બિન્દાસ્ત પ્રવેશ કરી પીકઅપ ડાલુ ચોરી કરી વાહનચોર પલાયન થઈ જતા હોવાનું સીસીટીવી કેમેરામાં જોવા મળતા દુકાન માલિકે પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરમાં તસ્કરો જાણે ખાખીને ચેલેન્જ આપી રહ્યા હોય તેમ ચોરી લૂંટ તસ્કરી અને વાહનચોરીની ઘટનાઓને સતત અંજામ આપી રહ્યા છે. શહેરમાં રોજબરોજ સામે આવતી ચોરીના કિસ્સાઓને લઈ નગરજનો તેમજ વેપારીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે. પોલીસ રાત્રી પેટ્રોલિંગ વધારે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# પાલનપુર નગરપાલિકાની દુકાનોનું ભાડુ ન ભરતા ૨૦ વેપારીઓને આખરી નોટિસ

## બે દિવસમાં ભાડુ ભરવા તાકીદઃ અન્યથા મિલકત સીઝ કરવાની ચીમકી

પાલનપુર નગરપાલિકાની દુકાનોનું સમયસર ભાડુ ન ભરતા અને લાંબા સમયથી ભાડુ ભરેલ ન હોય તેવા ૨૦ વેપારીઓને બે દિવસમાં ભાડુ ભરવા માટે આખરી નોટીસ ફટકારવામાં આવી છે. અને જો બે દિવસમાં ભાડુ નહી ભરાય તો તેઓની દુકાન સીઝ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી ચીમકી અપાતા બકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પાલનપુર નગરપાલિકાના સભ્યોની પાંચ વર્ષની ટર્મ પુરૂ થતા વહીવટ પાલીકાના ચિફ ઓફીસર સતિષ પટેલને સોપવામાં આવ્યો છે. જેના પગલે વેરા બાકી દારો સામે લાલ આંખ કરવામાં આવી છે.

જેમાં પાલનપુર નગરપાલિકાની માલિકીની દૂકાનો કેટલાક વેપારીઓને ભાડાથી આપવામાં આવી હતી. જેમાં કેટલાક વેપારીઓ દ્વારા પાલિકાનું ભાડુ સમયસર ભરવામાં આવતુ નથી. તેમજ કેટલાક વેપારીઓ દ્વારા લાંબા સમયથી ભાડુ ન ભરેલ હોવાથી તેવા ૨૦ વેપારી ઓને બે દિવસમાં ભાડુ ભરી જવા પાલિકા ચીફ ઓફીસરની સુચનાથી પાલિકાના ટેક્ષ ઈન્સ્પેકટર મહેશભાઈ જોષી દ્વારા આખરી નોટીસ ફટકારવામાં આવી છે.

જેમાં બે દિવસમાં ભાડાની રકમ પાલિકામાં જમા કરવામાં નહી આવે તો પાલિકા દ્વારા તે મિલકત સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જેના પગલે બાકીદારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

### શામળાજી મંદિર પરિસરમાં આવેલી

# વાવ જોવા જતા ભરૂચની મહિલાનો પગ લપસતાં વાવમાં ખાબકતા કમકમાટીભર્યું મોત

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમાં મોટી સંખ્યામાં ભગવાન કાળીયા ઠાકોરના દર્શનાર્થે શ્રદ્ધાળુઓ ઉમટતા હોય છે. શામળાજી મંદિર પરિસરમાં આવેલી કલાત્મક વાવ પણ ભક્તોના મન મોહી લે છે ત્યારે ભરૂચથી દર્શનાર્થે આવેલ પરીવારની મહિલા અને યુવતી વાવ જોવા જતા મહિલાએ વાવના કઠેરાની અંદર આવેલ પથ્થર પર પગ મુકવા જતા પગ લપસતાં મહિલા ધડામ લઈ વાવમાં ખાબકતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા લોહીના ફુવારા ઉડ્યા હતા. મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટનાના પગલે મહિલાના પરિવારજનો અને ભકતોમાં શોકનો માહોલ છવાયો હતો. શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. લોકોના જણાવ્યા અનુસાર ફોટા પડાવવા જતા મોત ભેટ્યું હતું.

ભરૂચની વાસુદેવ સોસાયટીમાં રહેતા અને વકીલ દક્ષેશ મગનલાલ રાંદેરિયા પરિવાર સાથે શામળાજી મંદિરના દર્શનાર્થે આવ્યા હતા, સહપરિવાર મંદિરમાં દર્શન કર્યા બાદ તેમના પત્ની શિલ્પાબેન રાંદેરિયા પરિવારની યુવતી સાથે મંદિર પરિસરમાં આવેલ વાવ જોવા પહોંચ્યા હતા મહીલા વાવની અંદર કઠેરાની નીચે આવેલ પથ્થર પર પગ મૂકી અંદર જોવે તે પહેલા ચક્કર આવતા પગ લપસી જતા ઉંડી વાવમાં ખાબકતા સાથે રહેલી યુવતિ હતપ્રભ બની બુમાબુમ કરી મુકતા પરિવારજનો અને ભક્તો વાવમાં દોડી ગયા હતા અને વાવમાં ખાબકેલા મહિલાનું માથાના ભાગે ગંભીર ઈજાના પગલે મોતને ભેટતા પરિવારજનોએ રોકોકોક્ક્ળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. મંદિર પરિસરમાં શોકની લાગણી છવાઈ હતી. વાવ ખુલ્લી હોવાથી અકસ્માતની ઘટનામાં મહિલાનું અકસ્માતમાં મોત નીપજ્યું હતું. પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ઉત્તરાણ પર્વને લઈને પ્રાંતિજ તપોધન ફળી ખાતે રહેલી મહિલાઓ દ્વારા શ્વાનો માટે લાડુ બનાવવામાં આવ્યાં હતા. પ્રાંતિજના તપોધન ફળી ખાતે આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ દાદાના હોલમાં તપોધન ફળી ખાતે રહેતી મહિલાઓ દ્વારા આજરોજ ઉત્તરાણ પર્વને લઈને શ્વાનો માટે લાડુ બનાવવામાં આવ્યા હતા અને લાડુ બનાવીને તપોધન ફડી ખાતે શ્વાનોને તથા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં શ્વાનોને લાડુ ખવડાવવામાં આવ્યા હતા.